# દિવાળી- પ્રદૂષણ કે તહેવાર

મારાં વ્હાલા હિન્દુ ભાઈ-બહેનો. મારા નવા વિષયને આપની સમક્ષ મૂકવા માટે ઘણો વિચાર કર્યો. બે વખત આ વિષય ઉપર લખવું પડયું કારણ આ વિષય અમુક હિન્દુઓ માટે કટાક્ષરૂપ બની શકે તેવું મને લખતાની સાથમાં જ લાગતું હતું. પરંતુ વાસ્તવિક્તાથી વધુ સમય આંખ-આડા કાન ન કરીએ તેવી મારી આપ સૌને ભલામણ છે.

દિવાળી વિષે તો ઘણી બધી વાર્તાઓ અને ઘણી વિગતો આપણાં શાસ્ત્રોમાં વિસ્તારથી વર્ણવી જ છે. પરંતુ આ અંધારી અમાસ વિષે જાણવાનો કે વાંચવાનો સમય એક પણ હિન્દુ પાસે નથી. ખબર છે કેમ? કારણ આપણી વધુ પડતી અનુકૂલનક્ષમતાનો સ્વભાવ. દેખા-દેખીનો સ્વભાવ. કોઈ જમાનામાં અંગ્રેજોને ખ્યાલ હતો કે જો ભારત ઉપર રાજ કરવું હોય તો તેમની માનસિકતા ઉપર રાજ કરો. અને તેઓ સફળ થયાં. કદાચ ઘણા બધા લોકોને ખબર હશે જ કે તેમને  સફળ કરવામાં આપણાં ઘણાંય રાજા-રાજવડાઓ અને હિન્દુઓનો હાથ રહ્યો જ છે. અને જો આજના અંગ્રેજોની વાત કરીએ તો એ પોલિટિકલ પાર્ટીઓ જે મફતની લાલચ આપીને રાજ કરવા માંગે છે. એ વ્યક્તિઓ જે દેશને તોડીને ખોટાં આંકડાઓ બતાવીને ફરી પછી ગુલામી લાવવા માંગે છે. તો આજે શું આપણે એક હિન્દુ તરીકે સંકલ્પ ન લઈ શકીએ. એકતાનો, એકબીજાના સાથ સહકારનો, એકબીજાની સફળતાનો. માત્ર એકબીજાના પગ ખેંચવા કરતાં આત્મનિર્ભર બનવાનો. ઘણા બધા વ્યક્તિઓને ખબર નહીં હોય કે આપણો દેશ સમૃદ્ધ એટલે હતો કે ૮૫ ટકા લોકો આત્મનિર્ભર હતા અને ૧૫ ટકા લોકો તે વ્યક્તિઓ ઉપર નિર્ભર. કારણ આપણાં પૂર્વજોએ કરેલું વ્યવસ્થિત સામાજિક બંધારણ. પરંતુ હવે તો આ બંધારણની વાત કરવી જ નકામી છે. અને માટે જ આજે તો પહેલાં તો દિવાળીના પર્વનું મહત્વ તે લોકોને સમજવું જોઈએ જે તર્ક-વિતર્ક કરે છે. હાંસી ઉડાવે છે આપણાં તહેવારોની અને આપણાં દેવી-દેવતાઓની. અને હા! એ હાસ્યમાં સાથ આપનાર તે ઓડિયન્સને તો કેમ કરીને ભૂલી જવાય.

તો દિવાળીના આવતા પહેલાં આપણે શું કરીએ છીએ? વરસાદ બાદ થયેલો કાદવ-કિચડને પાવડા-કોદાળીથી સાફ કરીએ છીએ. કડક તડકાથી દુર્ગંધ અને જીવાતને દૂર કરીએ જેથી માંદગી ન આવે. ઘરમાંથી નકામી પડી રહેલી તૂટેલી વસ્તુઓનો નિકાલ કરીને નકરાત્મકતાને દૂર કરીએ છીએ. અને અમાસની એ કાળી રાત્રે દિવારૂપી સંકલ્પ સાથે જીવન અને ઘરને પ્રજ્વલિત કરીએ છીએ. કરીએ છીએને? હવે તો કહેવાતા મોડર્ન લોકોને પણ જણાવું કે મોડર્ન સાયકોલોજી દ્વારા પણ સાબિત થયેલું છે કે નકામી પડી રહેલી અને ગંદી જગ્યાઓ અને વસ્તુઓ નકારાત્મકતા લાવે છે. તો આ દિવાળીને સમજવાની જરૂર છે. ઘરના બારણે ખરાં પૂજન સમયે જ્યાં દેવોને આવકાર આપીએ ત્યાં આજનો હિન્દુ દેશ-પરદેશમાં નીકળી પડે. “અતિથિ દેવો ભવ:” પહેલાંના સમયમાં વહાણ લઈને નીકળતા લોકો દિવાળીના ટાણે ઘરે આવે ને પોતાના ભાઈ-ભાંડુને ભેગા કરે. પરંતુ આપણે શું કર્યું? બધુ જ ઊંધું કર્યું અને પછી વિચારીએ કે શા માટે દુ:ખી છું? દિવાળીની અમાસનો અંધકાર ઉજાસમાં ફેરવીને માં લક્ષ્મી

અને નવા ધાન્ય સાથે નવા વર્ષની શરૂઆત કરી, નવા સંકલ્પો સાથે નવું વર્ષ શરુ થાય અને જૂના બધા જ દુ:ખ – સંતાપ ભૂલીને અને વાદ-વિખવાદ ભૂલીને કુટુંબીજનો એક થાય. આ છે આપણી દિવાળી.

પણ હવે તો દિવાળીનો અર્થ બદલાયો. તે વ્યક્તિઓ દ્વારા જે પોતે શાસ્ત્રને તો જાણતા નથી પરંતુ તર્ક-વિતર્કથી તહેવારને ત્રાજવે તોળવા બેઠાં છે. અને આપણે હિન્દુઓ તેની ખોટી નામનાને વધાવી લઈને આ પ્રકારના દૂષણોની વાતને સમજ્યા વિના "હા" નો સૂર પૂરતા રહ્યા છીએ. તો સમજો તમારાં તહેવારને. કેમ આપણાં તહેવારો અને પ્રકૃતિની વચ્ચે આટલો બધો સમન્વય છે. ખોટી જ સંજ્ઞાઓમાં પાડવા કરતાં હકીકતથી પોતાને વકીફ કરવાની જરૂર છે. અને માટે જ આજે મારો આ વિષય અજ્ઞાનના એ અંધકારને દૂર કરીને જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનો છે. અને જો માત્ર દસ ટકા વ્યક્તિઓ આ વિષયને સમજાશે તો તે જ મારી દિવાળી.

ફટકડાથી પ્રદૂષણ:

પ્રદૂષણ એમ પણ માનવનિર્મિત જ છે. ભલેને પછી તે હવામાં હોય કે મગજમાં. ધાર્મિક વ્યક્તિઓ દિવાળીના પર્વને અનેક રીતે જુએ છે અને તે દિવસોના પૂજા પાઠને આપવામાં આવતું મહત્વ આપણે સૌ કોઈ જાણીએ છીએ. અમુક તીથી પ્રમાણે કરવામાં આવતી પૂજાઓ માનસિકતા ઉપર અસર કરે છે અને સાથે સકરાત્મકતાનો ઉજાસ આપે છે. પરંતુ અત્યારે ફટકડાને પ્રદૂષણનો ભાગ માનીને જે તે જગ્યાઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તો ચાલો સાચા પ્રદૂષણને સમજીએ. બે કલાક ફોડેલ ફટાકડા ખરાં અર્થમાં પ્રદૂષણ કરે છે કે ખોટી માનસિકતા તે સમજવાની જરૂર છે. આપણે એવા કેટલા બધા સાધનોની શોધ કરી છે જેનાથી પર્યાવરણ ચોવીસ કલાક ત્રણસો પાંસઠ દિવસ ડોહળાયેલું જ રહે છે. તો શું આપણે તેના માટે વિચાર ન કરી શકીએ. જ્યાં આપણી  જ વાત કરવામાં આવે કે જ્યાં ચાલીને જઇ શકાય ત્યાં વાહન હાંકીને જઈએ તો શું વાતાવરણ પ્રદૂષિત નથી થતું. થાય છે ને? તો જે વિજ્ઞાનની દ્રષ્ટિએ આધારભૂત છે કે ચોમાસા બાદ થયેલાં જીવડા માત્ર પ્રકાશથી જ અને અવાજથી નાશ પામે અને માટે જ દિવાળીના ફટાકડા દિવાળીના દિવસે ફોડવાનો રિવાજ છે. પ્રથા છે. અને માટે જ આ પ્રથાને નાકામની વાતો સાથે જોડવા કરતાં ક્ષણભરની દિવાળીની ખુશીને પ્રદૂષિત કરવાનો કોઈ મતલબ નથી. એવા ઘણા બધા વાહનો, ફેક્ટરીઓ અને સૌથી વધારે નાકામની જરૂરિયાતો એ  જ વતાવરણને પ્રદૂષિત કરી છે.  તેના ઉપર પ્રતિબંધ ના મૂકી શકીએ? માત્ર ફટાકડાં જ શા માટે?

પગે લાગવાની શરમ:

આજનો ભણતરથી ભાન ભૂલેલો અહંકારી યુવાન અને હવામાં મહેલ ચણતો વ્યક્તિ પગે લાગવાની સંસ્કૃતિની ઠેકડી ઉડાડે પરંતુ આજે આપની સમક્ષ આ જ હાસ્યાસ્પદ વાતનું  વૈજ્ઞાનિક કારણ દર્શાવવા માંગુ છું- "પાદસ્પર્શન" કદાચ ઘણા ઓછા વ્યક્તિઓને ખબર હશે આ વાતની. પરંતુ પગે લાગવાથી બંને વ્યક્તિઓમાં સકારાત્મક પરિવર્તન આવે છે. વડીલોને જ્યારે આપ પગે લાગો છો તમે તેમને માન, સન્માન, સાથે તેની ઉંમર, હોદ્દો, પદ, અનુભવ,જ્ઞાન અને સિદ્ધીઓને પગે લાગો છો. જ્યારે તમારાં

ઉપરના શરીરને વાળીને હાથ લાંબો કરી વડીલના પગના અંગૂઠાને અડીને પગે લગવામાં આવે ત્યારે આપણાં અહંકારને દબાવીએ છીએ. અને વડીલને મળતાં મન-સન્માથી  તેમના મનમાંથી આશીર્વાદ અને પરિપૂર્ણતાની ભાવનનો જન્મ થાય છે. હવે તમને પ્રશ્ન થશે કે શા માટે પગના અંગૂઠાને જ સ્પર્શ કરવો? ઘૂંટણ પણ તો ચાલે ને? શારીરિક વિજ્ઞાન સ્વરૂપે આપણી શક્તિઓ માથાથી લઈને આપના પગની આંગળીઓ સુધી પરિવહન કરે છે. જ્યારે આપ અંગૂઠાનો સ્પર્શ કરો છો ત્યારે તે શક્તિઓ આપના શરીરમાં સંચારિત થાય છે અને સાથે વડીલ દ્વારા માથા ઉપર મૂકવામાં આવતો હાથ તેમના મનમાં ઊભી થયેલી ભાવનાંથી આપણાં શરીરમાં શક્તિનો સંચાર કરે છે. અને માટે આપણે એકબીજા સાથે જોડાયેલનો અનુભવ કરીએ છીએ. તો આ જાણીને આશા રાખું છું કે પગે લાગવાની શરમ નહીં આવે!

આશીર્વાદ – દાપુ (આપેલ પૈસાની) ઠેકડી: -

આ વિષય ઉપર મને થોડુંક વિચારવાની જરૂર પડી. શા માટે વડીલો પૈસા આપે જ્યારે આપણે તેમણે પગે લાગીએ છીએ? ઘણાંય વિદેશમાં રહેતાં આપણાં જ હિન્દુઓએ આ વાતની ઠેકડી ઉડાડી છે કે પૈસા માટે પગે ન લગાય. પરંતુ ખરાં અર્થમાં જોવા જાઓ તો ક્યારેય વડીલ ખાલી હાથે આશીર્વાદ નથી આપતાં અને માટે આજનું મધ્યમ પૈસા અને બીજી ભેટને આપીને તેને આશીર્વાદનું માધ્યમ બનાવવામાં આવે છે. કેટલા પૈસા અથવા કેટલી મોંઘી ભેટ આપી તે મહત્વનું નથી પરંતુ મહત્વનું છે તેમના આશીર્વાદને એક નાનીઅમથી વસ્તુમાં પરિવર્તિત કરી આશીર્વાદ સ્વરૂપે આપવું. માટે આ ભેટને ધન્ય્વાદની ભાવના સાથેનો સ્વીકાર આપના જન્મને સાર્થક કરી શકે છે.

આમ તો દિવાળી જ્ઞાનનો પર્વ છે અને આપણાં હિન્દુના એકએક રિવજોને ઊંડાણથી સમજવાની હવે જરૂર પડી છે. દરેક રિવાજનું મહત્વ વિજ્ઞાનની દ્રષ્ટિએ સાબિત થયેલું જ છે અને માટે દરેક તર્ક કરનારી વ્યક્તિઓને સીધો ઉત્તર મળી જ ગયો છે. તેમ છતાંય અહંકારી તે ઊંઘતા હિંદુને જગાડવાનો મારો આ ખૂબ નાનો પ્રયાસ છે. જો આ વાંચ્યા બાદ હજુ પણ સ્વીકાર ન કરી શકીએ તો તે હિંદુને મારી સાંત્વના. સમજી શકનારને મારાં પ્રણામ.

આપણે અને આપના પરિવારને દિવાળીની શુભકામનાઓ. નુતન વર્ષાભિનંદન.

**આપની લેખિકા**

**પુવાઁગી શુક્લ**